Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-2, September-2018

# વિરક્ત માનવી : વસંતદાદા

Dr.K.G.Patel
Associate Professor, Head & P.G. In Charge Department of History, M.N.College Visnagar, Gujarat, India

Mr.Rakesh Patel
Research Scholar, History and Cultural Department, Gujarat Vidyapith, Ahmedabad, Gujarat, India

સારાંશ:-

યજ્ઞ, દાન અને તપ એ ત્રણ ભારતીય સંસ્કૃતિનાં સાધનો છે. જ્યાં જ્યાં અવિરત રીતે આ ક્રિયા ચાલુ છે ત્યાં એના શુભ પરિણામો આવ્યા જ છે. રાવણ જેવા રાક્ષસે અશુભ હેતુથી તપ કર્યું, તે પણ ફળ્યું તો શુભ હેતુથી તપ કરનારાઓને મીઠા ફળ મળ્યા વગર કેમ રહે? એકાદ વ્યક્તિ કે એકાદ સંસ્થા કોઈ પણ કામ લઈને સતત એનું ચિંતન કર્યા કરે અગર તો હાથ ઉપર લીધેલા કામ પાછળ મંડી જ રહે તો શું ન થઇ શકે? આવા જ ઉમદા વિચારો સાથે પોતાના કાર્યમાં પરોવાયેલી વ્યક્તિ એટલે 'વસંતદાદા' જેમણે પોતાનું સમગ્ર જીવન એક સંસ્થાના, એક વિચારના(ગાંધીવિચાર) અને સર્વના ઉદયના કાર્ય માટે ખર્ચી નાખ્યું. પ્રસ્તુત સંશોધન આ વ્યક્તિને અને તેમણે કરેલા વિશાળ કાર્યોને એક ટૂંકા સંશોધન લેખના સ્વરૂપમાં પ્રગટ કરવાનો પ્રયાસ છે, જેના થકી સમાજના લોકોને આવા ઉમદા વ્યક્તિનો પરિચય થાય અને પ્રેરણા મળે.

**ચાવીરૂપ શબ્દો**:- ખાદી, ગ્રામોદ્યોગ, સર્વોદય

ગુજરાત રાજ્યના મહેસાણા જિલ્લાનો વિજાપુર તાલુકો ઐતિહાસિક રીતે ખુબજ અગત્યનો છે, પ્રાગ ઐતિહાસિક કાળથી લઈને આજ દિન સુધીની અનેક મહત્વની ઘટનાઓ, પુરાવાઓ, અવશેષો અને લોકઉપયોગી કાર્યોને તેના કાળના ગર્ભમાં સાચવીને બેઠો છે, જરૂર માત્ર એને બહાર લાવવાની છે અને લોકો સુધી પહોચાડવાની છે. એ દિશામાં અહિ એક નવીન પ્રયાસ પ્રસ્તુત કરવાનો અમોએ પ્રયત્ન કરેલ છે. જે ખરેખર વિજાપુર વાસીઓ અને સમાજ માટે પ્રેરણાદાયી અને પથદર્શક બની રહેશે. અને સ્થાનિક ઇતિહાસના નાવીન્યપૂર્ણ વિચાર માટે સૂચક બની રહેશે.

વિજાપુરને રોબર્ટ બ્રુશ ફૂટ, ડૉ.એચ.ડી.સાંકળિયા જેવા સંશોધકોએ પ્રાગ ઐતિહાસિક કાળના માનવીના રહેઠાણ ક્ષેત્ર તરીકે પુરવાર કરેલું હતું. આ ભૂમિએ સાચા સન્યાસી એવા જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી આપ્યા, પૂજ્ય મહાત્મા ગાંધીને ગુજરાતમાં સારી પેઠે ભટક્યા પછી ગંગાબેન થકી રેંટિયો મળ્યો, એવી આ ભૂમિમાં ગાંધીવિચાર હજુ પણ જીવંત છે એવો જીવતો જાગતો પુરાવો એવા સર્વોદય આશ્રમ માઢીના વસંતદાદા છે.

ભારતીય સંસ્કૃતિની પરંપરામાં ઋષિઓના ત્રણ પ્રકાર છે: (૧) બ્રહ્મર્ષિ કે જે બ્રહ્મની ખોજ કરે છે જેવા કે વશિષ્ઠ, શ્રી અરવિંદ (૨) રાજર્ષિ જે લોકસેવા કરે છે. દા.ત. વિશ્વામિત્ર, ગાંધીજી અને (૩) દેવર્ષિ જે સર્વત્ર ભગવાનને જૂએ છે. જેમ કે નારદ. આધુનિક યુગમાં નાના

ક્ષેત્રમાં રહી જીવન પર્યંત લોકસેવા, લોકજાગૃતિ કરનાર, આશ્રમવાસી પણ રાજર્ષિ છે. આવા એક ઓલિયા જીવની માંડીને વાત કરવી છે જે છે: વિરક્ત માનવી એવા વસંતદાદા.

વસંતદાદાનો જન્મ મહેસાણા જિલ્લાના, વિજાપુર તાલુકાના બીલોદરા ગામમાં(હાલ ગાંધીનગર જીલ્લાના, માણસા તાલુકામાં સમાવેશ પામેલ છે.) શાહ મથુરદાસ ધનજીદાસ અને મણીબા મથુરદાસના પરિવારમાં તા. ૦૭-૦૭-૧૯૩૩ના રોજ થયો હતો. તેઓ છ ભાઈઓમાં સૌથી નાના હતા. તેમણે પ્રાથમિક શિક્ષણ બીલોદરામાં લીધું અને માધ્યમિક શિક્ષણ પિલવાઈની જી.સી.હાઈસ્કૂલમાં છાત્રાલયમાં રહી લીધું. તેઓ સને ૧૯૫૧માં એસ.એસ.સી. પાસ કરી મુંબઈ ગયા. મુંબઈમાં વિક્ટોરિયા જ્યુબિલી ટેકનીકલ ઇન્સ્ટીટયુટનો કેમીકલ ડાયસ્ટફ ટ્રેડ ડ્રાઈંગ પ્રિન્ટીંગનો ચાર વર્ષનો કોર્ષ ગર્વનમેન્ટ એપ્રેન્ટીસ તરીકે આઈ.સી.આઈ. કંપનીની લેબોરેટરીમાં કર્યો. ચાર વર્ષનો અભ્યાસક્રમ પૂર્ણ થયેથી આ.સી.આઈ. કંપનીમાં ટેકનીકલ આસિસ્ટન્ટ તરીકે સેવા આપવાનું શરૂ કર્યું. મોટાભાઈ શ્રી કાન્તીભાઈ ગ્રામસેવા કરવા માટે મુંબઈ છોડી સર્વોદય આશ્રમ, વાલમમાં જોડાયા હતા. તેની અસર વસંતભાઈને થતાં તેઓ પણ આઈ.સી.આઈ.ની નોકરીમાંથી રાજીનામુ આપી સને ૧૯૫૮માં સર્વોદય આશ્રમ, વાલમમાં જોડાયા. સર્વોદય આશ્રમ, વાલમના સંચાલક શ્રી રતિભાઈ ગોંધિયાની માગણીથી સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિમાં ગ્રામોદ્યોગ મંદિર પેડકામાં રંગ નિષ્ણાત તરીકે જોડાયા. તેમજ એક વર્ષ બાદ ગ્રામોદ્યોગ મંદિર, પેડકના મુખ્ય વ્યવસ્થાપક તરીકેની જવાબદારી સને ૧૯૬૭ સુધી સાંભળી. છેલ્લે બિહાર દુષ્કાળ રાહત કામમાં સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના પ્રતિનિધિ તરીકે સેવા આપી ત્યાંથી સીધા સર્વોદય આશ્રમ માઢીમાં સેવા આપવા જોડાયા અને શ્રમ આધારિત ગ્રામસેવાનું કામ સ્વીકારી સંસ્થાનાં ખાદી ગ્રામોદ્યોગનાં, સજીવ ખેતી, બાગાયત, ગોપાલન, વૃક્ષ ઉછેર, સાહિત્ય પ્રચારના કામો કરવાનું શરૂ કર્યું. તેમજ સંસ્થામાંથી કોઈ વેતન લીધા સિવાય સ્વાલંબી જીવન જીવવાનું શરૂ કર્યું. તેમજ ડૉ. દ્વારકાદાસ જોષીના અધ્યક્ષ પદે સર્વોદય મંડળમાં મંત્રી તરીકે સેવાઓ આપવાનું શરૂ કર્યું.

ગાંધી ને જાણવા, માણવા અને ગાંધી માર્ગે ચાલવાની યુવાનોમાં જીજ્ઞાસા છે પણ તેની અસરકારક વાત અમલવારી સાથેના પ્રયોગો જોવા મળે તો યુવાનોને ગાંધીમાં રસ પડે એવું ગણું છે. આજના યુવાનોએ ગાંધીને જોયા નથી પણ તેની ઝાંખી કરાવતા વસંતદાદાના ગાંધી ચિંધ્યા પ્રયોગો જોઈ ગાંધીભાવ જાગે એમ છે. ગાંધી કેવા હતા તે જોવાની ખોટ પુરી થાય એમ છે. ગાંધીનું વ્યક્તિત્વ અસિમ હતું. આચરણ અણિશુદ્ધ હતું. એમના બોખા મુખારવિંદનું બાળસ્મિત પ્રભાવી હતું. વાણી અને વર્તનમાં એકાત્મપણું હોવાથી તેમની વાતો પ્રજા સાંભળતી તથા તેમની સાથે નિકટતા અનુભવાતી. જીવનમાં સત્યને જ ઈશ્વર માન્યો જેથી તેમણે પોતાની આત્મકથાનું નામ 'સત્યના પ્રયોગો' એવું આપ્યું. ગાંધીજીની સમાજજીવન પર પ્રગાઢ છાપ છે. સ્વરાજ્ય કરતા પણ સમાજના ઉત્થાન પર તેમણે વધારે ભાર મુકેલો. સ્વરાજ તો સુતરના તાંતણે ચપટી વગાડતા મળશે. પણ સ્વરાજને ટકાવી શકે તેવો સમાજ તૈયાર કરવો જરૂરી છે તેમ બાપુનું માનવું હતું. આ માટે અનેક સ્વરાજ આશ્રમ ખોલાવામા આવેલા. આઝાદી પછી સમાજ વિકાસ માટે વિનોબાજીની પ્રેરણાથી સર્વોદય આશ્રમો ખોલવામાં આવ્યા. આ સ્થળો ગાંધીવિચારને ઉજાગરા કરનારા ગાંધીના મ્યુઝિયમો છે. તેના થકી આજે પણ ગાંધીવિચારો અને તેના અમલને જાણી શકાય છે. ગાંધીના પગલે ચાલવું આજના યુવાનને મુશ્કેલ લાગે છે.

અત્યારે આપણે ગાંધીને નમસ્કાર કરી આપણાથી દુર કરી દીધો છે. ગાંધી આચરણનું નામ છે. તેનો એકાદ સિદ્ધાંત પણ વ્યવહારમાં મુકાય તો જીવન ધન્ય બની જાય. આવા પ્રયોગવીર તથા ગાંધિવિચારોને ચુસ્ત રીતે આચરનારા આગ્રહી સૈનિક એટલે માઢી સર્વોદય આશ્રમના વસંતદાદા, માઢી સર્વોદય આશ્રમના પર્યાય: વસંતદાદા.

ત્યાગ અને વિરક્તિ વચ્ચે સુક્ષ્મ અંતર છે. ત્યાગ કરી દેવો સહેલો છે, પરંતુ મનમાં ભોગ પર્દાર્થોની આસક્તિ માત્ર ન હોવી તે વિરક્તિ છે. આવા એક યુવાન વૃદ્ધ નિ:સ્પૃહી આશ્રમવાસીને મળીએ. વસંતદાદાની આજે તો ઉમર ૮૫ વર્ષ જેટલી થઈ હશે. નવી પેઢીએ ગાંધીને કે ગાંધીની હરોળના ગાંધીવાદીઓને જોયા નથી. અનુશાસન સાથે નિખાલસતાથી ગાંધીમાર્ગે ચાલનારા સેવકને જોઈએ એટલે એમ લાગે કે ગાંધી હજુ જીવે છે. એમને જોઈને લાગે કે ગાંધી કેવું આકરૂં જીવન જીવ્યા હશે. પણ તેમના માટે તો તે સહજ સરળ જીવન હતું. ગાંધીના અઢાર રચનાત્મક કાર્યક્રમોમાંથી મોટાં ભાગના કાર્યક્રમોના પ્રોયોગો તથા અગિયાર વ્રતો આ આશ્રમમાં વસંતદાદા દ્વારા અમલમાં મુકવામાં આવેલા. શુદ્ધ, જાડી, સફેદ તથા સ્વચ્છ અને ટૂંકા પનાની ખાદીના પોશાકમાં સજ્જ, એવા અસ્થિ દેખાતો દેહ, આપણા ઉત્સાહમાં પણ વધારો થાય તેમ ઉમળકાભેળ આવકારો, યુવાનને શરમાવે એવો ઉત્સાહ, શુદ્ધ ગુજરાતી બોલી; મહેસાણાની ગ્રામ્યકક્ષાએ શુદ્ધ ઉચ્ચારણવાળી ગુજરાતી ભાષા સાંભળવા મળે તેથી આનંદ થાય તેવું એમનું બાહ્ય વ્યક્તિત્વ. આંતિરક ઉંચાઈ અમાપ.

વાલમ આશ્રમની સર્વોદય પ્રવૃત્તિઓ છેક વિજાપુર તાલુકા સુધી ફેલાયેલી હતી. તે વખતે રામુભાઈ અને કાન્તીભાઈ(વસંતભાઈના મોટાભાઈ) એ માઢી સર્વોદય આશ્રમની સ્થાપના કરેલી. પાછળથી યુવાન શિક્ષિત એવા વસંતભાઈ તેમની પ્રવૃત્તિમાં સમર્પિત થયા. આખું જીવન કઠોર બ્રહ્મચર્યનું વિનોબાજીની સંકલ્પના પ્રમાણે પાલન કરી. ખાદીના ઓજસને વધુ ચમકાવ્યું. આ તેમનું તપસ્વીને શોભતું વ્રત. એવું જ આકરૂં વ્રત તે સ્વાદેન્દ્રિય નિગ્રહ. કાચું ખાવાનો પ્રયોગ છેલ્લા પચાસ વર્ષથી. યુવાનીમાં જ સ્વાદના ચટકાનો ત્યાગ એ તેમના સંયમિત જીવનને ઉજાગર કરે છે. નાની ઓરડીમાં સતત વાંચતા રહેતા જોવા મળે. સારા મર્મજ્ઞ વાચક ખરા. આવનારને પણ વાંચવા પ્રેરે તેવો દૈનિક જીવનક્રમ. આશ્રમના ફળ તથા ગાંધી વિચારનું પુસ્તક તેમના તરફથી પ્રસાદી આપ્યા વગર જવા ન દે તેવા પ્રેમાળ. ઓરડીમાં સોલારથી ચાલતો એક બલ્બ ખરો. પણ તેનો પ્રયોગ બહુ ઓછો. બને ત્યાં સુધી પ્રકૃતિનું સાનિધ્ય હઠાગ્રહ પૂર્વક પણ છોડવાનું નહિ તેવું આપણને લાગે. એક નાની ઓરડી જ તેમનો બેડરૂમ, લાયબ્રેરી, ઓફીસ, કિચન. અનાસક્તિ યોગનું પ્રાગટ્ય તેમના આવાસમાં દેખાય, અનુભવાય અને પ્રેરણા પણ આપે. રસોઈનો તો સવાલ જ નહિ. ચૂલો કે ગેસની સગડી જોવા મળે નહિ તેવું ઘર. આશ્રમના શાકભાજી કે ફળનો બહુ બહુ તો છીણીને ઉપયોગ કરી લેવાનો. સ્વાદ ઇન્દ્રિય પરનો જબરો સંયમ. દૂધ તથા દુધની બનાવટો પણ નહિ લેવાની. તેમની આવી રસોઈથી સ્વાસ્થ્ય તો સુધરે જ છે સાથે સમય પણ બચે છે. ઉર્જા પણ બચે છે. આજે તો આહારની આ પદ્ધતિ જુના હઠીલો રોગો દૂર થયાના દાખલા મળે છે. આહાર અંગેના આવા કઠોર પ્રયોગોથી તેમનું શારીરિક સ્વાસ્થ્ય સારી રીતે જળવાયેલું છે. આરોગ્યના અને આહારના પ્રયોગો તેમની જીવનશૈલી બની ગઈ છે. ખાદી એમનો વ્હાલો રચનાત્મક કાર્યક્રમ. સવારે આશ્રમે પહોચીએ તો ઇશાવાસ્યમના શ્લોકોના ઉચ્ચારણ સાથે કાંતણ પ્રવુતિ ચાલતી હોય. આશ્રમનું પવિત્ર અને આહલાદક

વાતાવરણ એવું કે તે ઋષિ આશ્રમ જેવો ભાસે. પંખીઓનો કલરવ આપણને કુદરતના ધબકારાની અનુભૂતિ કરાવે. ઉપવન જેવા આશ્રમ પરિસરમાં જૈવ વૈવિધ્યતા જોવા મળે. આશ્રમને ફરતી વાડ તે પણ કુદરતી, વૃક્ષો અને વનલતાઓથી સજાવેલી. વસંતદાદા જાતે આંગણું વાળીને સ્વચ્છ કરેલું હોય. બહાર ઉછેરેલા ફૂલ છોડ ઓરડીની શોભા વધારે છે, તેમને પાણી પાવાનું, આશ્રમના વિવિધ કાર્યો માટે કાર્યકરોને સૂચનો આપવાનું કામ ચાલે. આશ્રમમાં વ્રતોના અનુશિલન પર ગાંધીજીએ ખૂબ ભાર મુકયો હતો. વ્રતોના અનુશિલનથી પ્રાપ્ત થતી શક્તિનો સમાજ હિતમાં ઉપયોગનો મહિમા સમજાવેલો. એટલે આશ્રમજીવનમાં આ એકાદશવ્રત વસંતદાદાએ પણ અપનાવેલા. તેનું દૃઢ રીતે પરિપાલન કરવાનો તેમનો સ્વભાવ બની ગયો. :(૧) સત્ય (૨) અહિંસા (૩) બ્રહ્મચર્ય (૪) અસ્તેય (૫) અપરિગ્રહ (૬) અસ્વાદ (૭) અભય (૮) અસ્પૃશ્યતા નિવારણ (૯) જાત મહેનત (૧૦) સર્વધર્મ સમભાવ અને (૧૧) સ્વદેશી એમના સંપર્કમાં આવનાર લાગે કે એમણે આ વ્રતોના અમલ માટે ખૂબ જાગરૂકતા કેળવી છે એટલે જ તે મુઠી ઊંચેરો માનવી લગતા હશે. આશ્રમની સફાઈ, જાજરૂની સ્વચ્છતા તથા પોતાના ખપ માટેના કાપડનું કાંતણ જાતે કરવાનું તેવો નિયમ. રચનાત્મક કાર્યોમાં અસ્પૃશ્યોના ગણાતા ત્રણ કામો આશ્રમવાસી જાતે કરતા આજે પણ વસંતદાદા તે પ્રમાણે વર્તે છે. (૧) ભંગીકામ (૨) ચામાંરકામ અને (૩) વણાટકામ. માઢી સર્વોદય આશ્રમ વિવિધ રચનાત્મક પ્રવૃતિઓની પ્રયોગશાળા પણ હતો. બાપુએ જે અઢાર રચનાત્મક કાર્યક્રમોની હિમાયત કરી તે તમામ પર ઓછે વત્તે અંશે કામ થયેલું છે. જેમ કે (૧) કોમી એકતા (૨) અસ્પૃશ્યતા નિવારણ (૩) દારૂબંધી (૪) ખાદી (૫) બીજા ગ્રામઉદ્યોગો (૬) નઈ તાલીમ (૮) પ્રૌઢ શિક્ષણ (૯) સ્ત્રીઓ (૧૦) તંદુરસ્તીના નિયમોની કેળવણી (૧૧) પ્રાંતિક ભાષાઓ (૧૨) રાષ્ટ્રભાષા (૧૩) આર્થિક સમાનતા (૧૪) કિસાનો (૧૫) મજુરો (૧૬) આદિવાસીઓ (૧૭) રક્તપિત્તના રોગીઓ (૧૮) વિધાર્થીઓ. આ બધી પ્રવૃત્તિઓ કરવા પોતાનું જીવન ખપાવી દીધું. કાલખંડની થપ્પડો આશ્રમને પણ સહન કરવી પડી હશે તેવો આભાસ પણ થયા વગર રહે નહિ.

જયારે આ વિસ્તારને આધુનિકતાનું ઘેલું લાગ્યું ન હતું ત્યારે આ આશ્રમ આ વિસ્તારના રહેવાસીઓ માટે જીવનઉપયોગી ચીજ વસ્તુઓ પેદા કરનાર ઉદ્યોગ ગૃહ તથા રોજગારીનું કેન્દ્ર હતું. યુવાન વસંતભાઈના આશ્રમ પ્રવેશથી આશ્રમ પ્રવૃત્તિઓમાં ઘોડાપુર આવેલું. ખાદી ઉત્પાદનનું આ આશ્રમ કેન્દ્ર બનેલો. રેંટીયો કાતવાનું, કાપડ વણવાનું, સાબુ બનાવાનું મોટું કેન્દ્ર બનેલું. અનેકોને રોજગારી મળતી. વેચાણ કેન્દ્ર ચાલતું. ગામડે ગામડે ફરી આશ્રમની ચીજવસ્તુઓનું વેચાણ થતું. આશ્રમની ચીજવસ્તુ પ્રખ્યાત હતી. તેની આ વિસ્તારમાં ખૂબ માંગ રહેતી. આશ્રમના ત્રણ કેરી સાબુની તો હમણા સુધી તેની માંગ રહી. ખેડૂતોને ખેતરમાંથી પોટલા બાંધી ઘાસચારો લાવવાના કામ આવે તેવા પછેડા-પછેડી, મોટાં રૂમાલ, ખેતીના ઓજારો વગેરેની ખૂબ માંગ રહેતી. વસંતભાઈ જાતે એક બળદ વાળો એક્કો લઈને ગામડામાં ઉત્પાદિત માલનું વેચાણ કરતા. ઈ.સ.૧૯૭૦થી ઈ.સ.૧૯૮૦નો દાયકો આશ્રમ માટે ચિરંજીવ યાદ દાસ્તાન હતો. કરોડો રૂપિયાનું ખાદીનું વેચાણ થતું.

આજુબાજુના ગામડાઓમાં ગ્રામસભાઓ યોજવામાં આવતી. તેમાં કોમી એકતા, દારૂબંધી, સ્ત્રી સશક્તિકારણ, કેળવણી વગેરેની વાતો સમજાવવામાં આવતી. તેના માટે કેટલીક વખત બહારથી અન્ય સર્વોદયી આગેવાનોને બોલાવવામાં આવતા. શાળાઓમાં પ્રાર્થના

સંમેલનોમાં ભાગ લઈ વિધાર્થીઓને સુટેવો, ખાદી વગેરે વિષયો પર વ્યાખ્યાન આપવામાં આવતા. ખાસ કરીને માં.શ્રી દ્વારકાદાસ જોષી સાથે વસંતદાદા તાલુકાની તમામ શાળાઓની મુલાકાત લેતા. વિધાર્થીઓને આશ્રમ જોવા આમંત્રણ પણ આપતા. હું જયારે સરદારપુર હાઇસ્કુલના પ્રાથમિક વિભાગમાં શિક્ષક હતો ત્યારે ત્યાના વિદ્યાર્થીઓને ચાલતા લઈ જઈ આશ્રમ બતાવેલો તથા વનભોજનની મજા માણેલી. તે પ્રસંગ મારા માનસપટ પર હજુ અંકિત છે. તે વખતે આશ્રમનું સૂર્યકુકર, બાયોગેસ પ્લાન્ટ, નર્સરી, ખાદીવણાટ, રેંટિયા પરનું કાંતણ, અંબર ચરખા આકર્ષણનું કેન્દ્ર બનેલા. આશ્રમની શાખાઓ વિસ્તરતી ચાલેલી. વિજાપુર, અમીરગઢ, રાજેન્દ્રનગર, અમદાવાદ ખાદી ઉત્પાદન તથા વેચાણ કેન્દ્રો શરૂ કરવામાં આવેલા. આમ છેવાડાના ગામમાંથી વિકસી મોટાં શહેર સુધી તેની સેવાઓ પહોચેલી. રાજેન્દ્રનગરમાં કુષ્ઠરોગ નિવારણ કેન્દ્ર ચાલે છે. તેમાં માઢી સર્વોદય આશ્રમનો મોટો સહયોગ છે. આ કેન્દ્ર શરૂ કરવા માઢી સર્વોદય આશ્રમે જમીન આપેલી છે. નેત્ર નિદાન કેમ્પોનું આયોજન કરવામાં આવતું. આરોગ્યલક્ષી કાર્યક્રમો સમયાંતરે ગોઠવામાં આવતા. આજુ બાજુના વિસ્તારના લોકોને તેનો લાભ મળતો. માનવસેવા પરમો ધર્મ એ આશ્રમનો મુદ્રાલેખ.

આજે પરિસ્થિતિ બદલાઈ છે. ભૌતિકવાદ તથા ઔદ્યોગિકવાદમાં સર્વોદયના આ પ્રયોગોમાં લોકોને રસ રહ્યો નથી. પણ તે ગાંધીવિચાર અને તેના પ્રયોગોને જાળવનારા કેન્દ્રો છે. ભૌતિકવાદના મોહથી થાકી પ્રજા પાછી ફરશે જ. સાદું અને સહજ ખેડૂતનું જીવન એ ઘણી સમસ્યાઓનો ઉકેલ છે. આ વિશ્વના સળગતા પ્રશ્નોનું નિરાકરણ ગાંધીવિચારથી જ આવી શકે તેમ છે. આજે આશ્રમમાં સજીવ ખેતી, ખાદી, તંદુરસ્તીના નિયમોની કેળવણી, ગાંધી વિચાર સાહિત્યનુ વેચાણ, ખાદી વેચાણ, નર્સરી, લાયબ્રેરી, પશુપાલનના પ્રયોગો ચાલે છે. વસંતદાદાના માર્ગદર્શનથી રાખવા જોગ આધુનિકરણને કેન્દ્રમાં રાખી તેમાં સતત સુધારા થતા રહે છે. સર્વોદય આશ્રમ પાસે માઢીમાં આશરે ૨૦ વીઘા જમીન છે. તેમાં કેટલાક ભાગ પર બાંધકામ છે અને બાકીના ભાગ પર સજીવ ખેતી, નર્સરી, પશુપાલન, આયુર્વૈદિક હોસ્પિટલ છે. કેટલાક વર્ષો પર કુદરતી ચિકિત્સા પદ્ધતિના પ્રચાર પ્રસાર હેતુ 'વસંત કુદરતી ઉપચાર કેન્દ્ર' શરૂ કરવામાં આવેલું. કાન્તીભાઈ શાહની બચતમાંથી તે ખર્ચ કરવાનું નક્કી કરેલું. તેના નિષ્ણાત ચિકિત્સકોને રાખવામાં આવેલા. તેમના માટે તથા દર્દીઓને રહેવા માટે નવા ઓરડાઓ બાનાવવામાં આવ્યા. તેની પાછળ ઘણો મોટો ખર્ચ કરવામાં આવેલો. પણ અંતરિયાળ વિસ્તારમાં નિષ્ણાત ચિકિત્સકો આવતા નહિ આવે તો ટકતા નહિ. લોકોને પણ આ ચિકિત્સા પદ્ધતિમાં જોઈએ એટલો વિશ્વાસ નહિ. ત્વરિત પરિણામ મળે નહી. ખર્ચાળ સાબિત થતા અને નવી વ્યવસ્થા થતા તેને બંધ કરવામાં આવી. હાલમાં તેની જગ્યાએ 'કંચન-હીરા' આયુર્વેર્દિક હોસ્પિટલ બની છે. આશ્રમે આ ભૌતિક માળખું 'કંચન-હીરા' હોસ્પિટલના સત્તાવાળાઓને નહિ નફો નહિ નુકસાનના ધોરણે ચલાવવા નજીવા દરે દર્દીનું નિદાન અને ઉપચાર થાય તેવી વ્યવસ્થા કરવાની શરત સાથે આપેલ છે. આજે તો આ અદ્યતન હોસ્પિટલ આ વિસ્તારમાં લોકપ્રિય બની છે. વનીકરણ યોજના હેઠળ જંગલ ખાતા વિભાગ દ્વારા નર્સરી કરવા સુવિધા આપેલી છે. દાડમ, સીતાફળ, કેરી, પપૈયા, ચીકુ, લીંબુ વગેરેના વૃક્ષોનો પરિવાર બહોળો છે. શાકભાજી વગેરેની ખેતી કરવામાં આવે છે. આ બધી સજીવ ખેતી કરવામાં આવેલ છે. તે રાસાયણિક ખાતર કે જંતુનાશક દવાઓના છંટકાવ વગર ઉછેર કરવામાં આવે છે. અન્ય

ખેડૂતોને પણ તેમ કરવા સમજાવવામાં આવે છે. આજે આ બાબતે શિક્ષિત વર્ગમાં જાગૃતિ આવેલ છે. લોકો સજીવ ખેતીનું મહત્તવ સમજતા થયા છે. દેશી ગાયના પાલન માટે આજુ-બાજુના ગામડાના ગરીબ ખેડૂતોને દેશી ગાય લાવવા લોન આપવાની યોજના બનાવી અમલમાં મૂકેલી, પણ અમાનવીય મનોવૃત્તિ સહજ સમજ તરફથી આપેલા નાણા પરત ન આવતા તે બંધ કરવી પડેલી. પુસ્તકાલય ચલાવવામાં આવે છે. ખાસ તો ગાંધીવિચારના અભ્યાસીઓ માટે પુષ્કળ સામગ્રી મળે એમ છે. ગાંધી વિચારના સામાયિકોનું લવાઝમ ભરી આપવાનું, ખાદી વેચાણનું કામ વસંતદાદા સંભાળે છે. મુલાકાતીઓને ગાંધીવિચાર અંગે સમજાવે છે. આટલી ઉમરે તેમનો ઉત્સાહ દાદ માગીલે તેવો છે. તેમની આંખોનું તેજ, બાળ સહજ હાસ્ય, તેમની સ્ફૂર્તિ ગાંધીવિચારની સફળતાની ચાડી ખાય છે. એવા ગાંધીસંતની બલિહારી જેના ગુણે રીઝયા ગિરધારી. ભગવદ્ ગુણોના વિરલ અલગારી માનવી. શમ: દમ: તપ: ને આત્મસાત કરેલા વીસમી સદીના અકદા વસંતદાદા સદાકાળ જીવંત રહેશે. હાલમાં તો દાદા એટલે શ્રૂતમ જ્ઞાનમ (અર્થાત શાસ્ત્રોના ગહન અર્થનો સક્ષાત્કાર). દોડતી ગાડી જયારે સ્ટેશનો વટાવી રહી છે, તો સમય કાઢી માઢી એક વાર ઉતરી જજો.

**સમાપન**:-

આજના ભૌતિકવાદ પાછળ પડેલા માનવીને એકવાર આ વ્યક્તિની મુલાકાત લેવાનો અને તેમના કાર્યોને જાણવાનો સમય કાઢવો જોઈએ, આપણે ગાંધીને તો જોયા નથી પરંતુ વર્તમાનમાં ગાંધીની પ્રતિછાયા સમાન આ વ્યક્તિને જોઈએ તો પણ ગાંધી શા માટે મહાત્મા કહેવાયા એનો ખ્યાલ આપોઆપ આવી જશે! ગાંધીજી એ કહ્યું હતું કે, “મારું જીવન એ જ મારો સંદેશ” આ વિધાનને ચરિતાર્થ કરનાર આજે જોવા મળે એ ખરે ખર! જોનારનું સદભાગ્ય કહેવાય. સર્વોદય આશ્રમ માઢીમાં શાળા-કોલેજોના વિદ્યાર્થીઓને તેમજ ગાંધી વિચારધારામાં માનવા અને જાણવાવાળા લોકોએ અચૂક વસંતદાદાની મુલાકાત લેવી જ જોઈએ. આવી નિખાલસ, ઉદાર, ઉત્સાહી વ્યક્તિની મુલાકાત માત્ર એક નવીન વિચાર વમળમાં લઇ જશે.

**સંદર્ભ સૂચી**


૧. સર્વોદય આશ્રમ માઢીમાં વસંતદાદાની રૂબરૂ મુલાકાત.(તા.૨૭/૦૫/૨૦૧૮)

૨. ગાંધી મોહનદાસ કરમચંદ, સત્યના પ્રયોગો અથવા આત્મકથા, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૨૦૧૨

3. પટેલ,મફતલાલ, મુઠ્ઠી ઊંચેરો માનવી શ્રી વસંતભાઈ શાહ ,અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ,અમદાવાદ,પ્રથમ આવૃત્તિ,૧૭ જૂન,૨૦૧૮

૪. પટેલ કમલેશ, દક્ષિણ ગુજરાતમાં ગાંધીવાદી સંસ્થાઓની રચનત્મક પ્રવૃતિઓ(ઈ.સ.૧૯૨૧ થી ઈ.સ.૧૯૭૩ સુધી), અરાવલી પ્રકાશન, હિંમતનગર






વસંતદાદાની મુલાકાત લેતા સંશોધકો